નવી બાબત (વર્ષ ૨૦૨૬-૨૭) - નિયામકશ્રી, જેન્ડર રિસોર્સ સેન્ટરની કચેરી માટે નવા વાહનની ખરીદી કરવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/ENC/e-file/23/2025/1269/A

સચિવાલય, ગાંધીનગર

તા.ઈ-સાઈન મુજબ

**વંચાણે લીધા:**

(૧) જેન્ડર રિસોર્સ સેન્ટરની કચેરીનો તા.૦૪/૧૧/૨૦૨૫ નો પત્ર

**પ્રસ્તાવના**:

વંચાણે લીધેલ જેન્ડર રિસોર્સ સેન્ટરની કચેરીના પત્રથી નિયામકશ્રી, જેન્ડર રિસોર્સ સેન્ટરની કચેરી માટે નવા વાહનની ખરીદી કરવા માટે રૂ.૧૫.૦૦ લાખની નવી બાબતની દરખાસ્ત સને ૨૦૨૬-૨૭ના અંદાજપત્રમાં સમાવિષ્ટ કરવા માટે રજૂ કરવામાં આવેલ હતી. જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

જેન્ડર રિસોર્સ સેન્ટરની કચેરીના નિયામકશ્રી માટે માટે નવા વાહનની ખરીદી કરવા માટે રૂ.૧૫.૦૦ લાખની નવી બાબતને આથી નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૧. જેન્ડર રિસોર્સ સેન્ટરની કચેરીના નિયામકશ્રી માટે Tata Sumo Gold GJ 01 GA 0230 ઉપલબ્ધ છે, આ વાહન કન્ડમ નહીં થાય ત્યાં સુધી નવું વાહન ખરીદ કરવાનું રહેશે નહીં.

૨. બંદરો અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા નિયત કરવામાં આવેલ નીતિ અનુસાર જ વાહન ખરીદવાનું રહેશે તે સિવાયનું વાહન ખરીદવાનું રહેશે નહીં.

૩. નવા વાહનની ખરીદી કન્ડમ વાહન સામે કરવાની હોય તો કન્ડમ કરેલ વાહનની નિયત પ્રક્રીયા અનુસાર જાહેર હરાજી કરી ઉપજેલ રકમ સત્વરે સરકારમાં જમા કરાવવાની રહેશે.

૪. વાહનની ખરીદી બંદરો અને વાહન વ્ય.વિભાગના તા.૦૬/૦૩/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક:જીટીએસ/૧૦૨૦૧૩૩૧૯/ઘની ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૫. નવા ખરીદેલ વાહનની હિસ્ટ્રી શીટ અને લોગબુક નિભાવવાની રહેશે.

૬. નવા વાહનની ખરીદી થયેથી વાહન માટે ડ્રાઈવરની જગ્યા ઉપલબ્ધ ન હોય તો ડ્રાઈવરની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૦ના ઠરાવની જોગવાઈ અનુસાર આઉટસોર્સથી લેવાની રહેશે. આ માટે અલગથી ડ્રાઈવરની કોઈ નવી જગ્યા ઊભી કરવાની રહેશે નહિ.

૭. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું વિભાગે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૮. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા

વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૯. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૧૦. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૧૧. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૧૨. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરેન્ડર કરવાની રહેશે.

૧૩. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૪. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

૧૫. સ્થાનિક સ્વરાજ્ય ની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણીઓ અંગે રાજ્ય ચૂંટણી આયોગના તા.૦૧/૦૪/૨૦૨૬ ના પરીપત્ર ક્રમાંક:- ઈએલસી/સી.ઓ.સી/૩(૮)/૦૪૨૦૨૬/ક/૯૪૧૯ થી આપેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરેથી કરવાનો રહેશે.

માંગણી નંબર : ૧૦૬

મુખ્ય સદર : ૪૨૩૫

મુખ્ય પેટા સદર : ૦૨

ગૌણ સદર : ૮૦૦

પેટા સદર : ૦૧

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા સલાહકારશ્રીના પરામર્શમાં વિભાગના સચિવશ્રીની તા. ૧૮/૦૪/૨૦૨૬ ની નોંધથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જયદીપ પટેલ

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન.રા.ક.મંત્રીશ્રી(સ્વ.હ.)(મ.બા.ક.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધનગર.
- નિયામકશ્રી , જેન્ડર રિસોર્સ સેન્ટરની કચેરી, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, ઇ (બજેટ) શાખા, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેક્ટ ફાઈલ.